# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
## PRESS NOTE

**Date: 18/09/2021**

**Sub: 71st Annual General Meeting of Gujarat Chamber of Commerce and Industry and Installation Ceremony of the New Team of Office Bearers**

The 71st Annual General Meeting of Gujarat Chamber of Commerce and Industry (GCCI) was held today at GCCI Premises, Ashram Road and was followed by the Installation Ceremony of the New Team of Office Bearers for the year 2021-22.

The Annual General Meeting was attended by GCCI members from across the state of Gujarat. In addition to the usual agenda points, important amendments in the Constitution and Regulations of GCCI were also passed unanimously by the members in the AGM. Further, the names of Executive Committee members who were Elected Uncontested were declared and congratulated during the AGM.

After conclusion of the Annual General Meeting, the Installation Ceremony of the New Team of Office Bearers for the year 2021-22 was held. The Ceremony was attended by GCCI members, other eminent dignitaries from the trade and industry fraternity, representatives from leading press and media, well-wishers and family members of the Office Bearers and other elected members of the Executive Committee.

The event started with brief address by the Office Bearers of the year 2020-21 who addressed the gathering and shared their experiences during the past year. Hon. Treasurer (2020-21) Shri Sachin Patel, Hon. Secretary (Regional) (2020-21) Shri V.P. Vaishnav, Vice President (2020-21) Shri K.I. Patel and President (2020-21) Shri Natubhai Patel shared their experiences and thoughts with the gathering and thanked all for the support lent to them during the year.

This was followed by the handover of charge to the new Office Bearers. **Shri Hemant Shah took over as the new President, Shri Pathik Patwari took charge as the Senior Vice President and Shri Sanjeev Chhajer took over as the new Vice President for the year 2021-22.** The newly installed Office Bearers addressed the audience and shared their vision for GCCI for the new term.

GCCI President (2021-22) Shri Hemant Shah shared a presentation titled **GCCI Vision 2021-22** with the gathering where he highlighted the 4 pillared approach which will be adopted by GCCI for the year 2021-22. The presentation made by President Shri Hemant Shah is attached.

Finally, Shri Pankajbhai Patel, Chairman, Empowered Apex Committee, GCCI addressed the gathering and conveyed his well-wishes to the New Team of Office Bearers.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

## PRESS NOTE

તારીખ: 18/09/2021

**વિષય: ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની 71મી વાર્ષિક સામાન્ય સભા અને હોદ્દેદારોની નવી ટીમનો પદગ્રહણ સમારોહ**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) ની 71મી વાર્ષિક સામાન્ય સભા આજે GCCI પરિસર, આશ્રમ રોડ ખાતે યોજાઈ હતી અને ત્યારબાદ વર્ષ 2021-22 માટેના નવા હોદ્દેદારોની ટીમનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો.

વાર્ષિક સામાન્ય સભામાં રાજ્યભરમાંથી GCCIના સભ્યોએ ભાગ લીધો હતો. સામાન્ય એજન્ડાના મુદ્દાઓ ઉપરાંત, GCCIના બંધારણ અને નિયમોમાં મહત્વના સુધારાઓ પણ AGMમાં સભ્યોએ સર્વાનુમતે પસાર કર્યા હતા. વધુમાં, કારોબારી સમિતિના સભ્યો કે જેઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા તેમના નામ જાહેર કરવામાં આવ્યા હતા અને સામાન્ય સભા દરમિયાન તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વાર્ષિક સામાન્ય સભાના સમાપન બાદ વર્ષ 2021-22 માટે હોદ્દેદારોની નવી ટીમનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં જીસીસીઆઈના અગ્રણી સભ્યો, વેપાર અને ઉદ્યોગના અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો, પ્રેસ અને મીડિયાના પ્રતિનિધિઓ, શુભેચ્છકો, નવા હોદ્દેદારોના પરિવારના સભ્યો અને કારોબારી સમિતિના અન્ય ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહની શરૂઆત વર્ષ 2020-21ના હોદ્દેદારો દ્વારા સંક્ષિપ્ત સંબોધન સાથે કરવામાં આવી હતી. તેમણે ઉપસ્થિત મહાનુભાવોને સંબોધ્યા હતા અને પાછલા વર્ષ દરમિયાન તેમના અનુભવો રજુ કર્યા હતા. માનદ ખજાનચી (2020-21) શ્રી સચિન પટેલ, માનદ સચિવ (રિજિયોનલ) (2020-21) શ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખ (2020-21) શ્રી કે.આઈ.પટેલ અને પ્રમુખ (2020-21) શ્રી નટુભાઈ પટેલે તેમના અનુભવો અને વિચારોને સભા સમક્ષ રજુ કર્યા અને વર્ષ દરમિયાન તેમને મળેલા સહયોગ બદલ સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ વર્ષ 2021-22 ના હોદ્દેદારોની નવી ટીમને ચાર્જ સોંપવામાં આવ્યો. **શ્રી હેમંત શાહે નવા પ્રમુખ તરીકેનો પદ ગ્રહણ કર્યો, શ્રી પથિક પટવારીએ સિનિયર ઉપપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો અને શ્રી સંજીવ છાજરે વર્ષ 2021-22 માટે નવા ઉપપ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.** નવનિયુક્ત હોદ્દેદારોએ પ્રેક્ષકોને સંબોધિત કર્યા અને આવતા વર્ષ ના કાર્યકાળ માટે GCCI માટેની તેમની કાર્ય યોજના રજુ કરી.

GCCI ના પ્રમુખ (2021-22) શ્રી હેમંત શાહે **GCCI Vision 2021-22** વિષય પરનું પ્રેઝન્ટેશન સભા સમક્ષ રજુ કર્યું જેમાં તેમણે GCCI માટે 4 મુખ્ય આધારસ્તંભ પર આધારિત વર્ષ 2021-22 માટેના અભિગમ વિષયે વાત કરી. પ્રમુખ શ્રી હેમંત શાહ દ્વારા રજુ કરેલ પ્રેઝન્ટેશન અત્રે બિડાણ કરેલ છે.

અંતમાં શ્રી પંકજભાઈ પટેલ, ચેરમેન, એમ્પાવર્ડ એપેક્સ કમિટી, GCCI દ્વારા સભાને સંબોધવામાં આવ્યા અને હોદ્દેદારોની નવી ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

---

To,

The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ